એક મહિનાથી દુર્ગંધયુક્ત અને દોહળું પાણી આવતા ગ્રામજનોમાં ભારે રોષ

સંખેડા તાલુકાના કાળી તલાવડી નવીનગરીમાં ગંદુ-ડહોળું પાણી આવતા ગ્રામજનો મુશ્કેલીમાં

પાણી અને ગટર લાઈન મિક્સ થતી હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

(પ્રતિનિધિ) સંખેડા, તા.21

સંખેડા તાલુકાના કાળી તલાવડી ગામની નવીનગરીમાં છેલ્લા ઘણા સમયથી ઘરોમાં ગંદુ અને દોહળું પાણી આવવાની સમસ્યા સર્જાઈ છે. જેના કારણે ગ્રામજનોને પીવાના પાણી માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

નવીનગરી વિસ્તારમાં છેલ્લા 1 મહિનાથી નળમાંથી ગંદા કલરનું અને દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. આ પાણી પીવા તો ઠીક, વાપરવામાં પણ લોકો ડર અનુભવી રહ્યા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે વિસ્તારમાં પાણીની લાઈન અને ગટરની લાઈન જૂની અને ઘણી જગ્યાએથી તૂટેલી હોવાના કારણે બંને લાઈનનું પાણી એકબીજામાં મિક્સ થઈને ઘર સુધી પહોંચી રહ્યું છે.

રજૂઆતો છતાં નિરાકરણ નહીં આ સમસ્યા અંગે ગ્રામજનો દ્વારા ગામના સરપંચ અને તલાટીને વારંવાર લેખિત અને મૌખિક

રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ આજ દિન સુધી તંત્ર દ્વારા આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. વારંવાર ફરિયાદ કરવા છતાં માત્ર આશ્વાસન જ મળી રહ્યું છે તેવી ગ્રામજનોની ફરિયાદ છે.

ગંદુ પાણી પીવાથી ઝાડા-ઉલટી, તાવ અને ચામડીના રોગો થવાનો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે. ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોના આરોગ્યને લઈને વાલીઓ ચિંતિત છે. પીવાના પાણી માટે લોકોને ખાનગી કેન ખરીદવા અથવા દૂરથી પાણી લાવવાની ફરજ પડી રહી છે.

કાળી તલાવડી નવીનગરીના તમામ ગ્રામજનોએ તંત્રને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. ગ્રામજનોની મુખ્ય માંગ છે કેઃ 1. પાણીની લાઈન અને ગટરની લાઈનનું તાત્કાલિક રિપેરિંગ કરવામાં આવે 2. જ્યાં લાઈન તૂટેલી છે ત્યાં નવી લાઈન નાખવામાં આવે 3. પાણીના સેમ્પલ લઈને તપાસ કરીને લોકોને સ્વચ્છ પાણી પૂરું પાડવામાં આવે ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો આગામી 7 દિવસમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો તેઓ ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરીને ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

પોલીસ બંદોબસ્ત વચ્ચે JCBથી દબાણો દૂર કરાયા

છોટાઉદેપુર પાલિકાનું દબાણ હટાવ અભિયાન, અનેક વિસ્તારોમાં કાર્યવાહી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.21

છોટાઉદેપુર નગરપાલિકા ના અધિકારીઓ ની ટીમ સવારથી જ JCB મશીન ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સંપૂર્ણ લાવ લશ્કર સાથે નગર ના દબાણો હટાવવા બાબતેએકશન મોડ માં જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા જાતે સુઓમોટો કોઈ કામગીરી કરતી નથી. નાગરિકો જ એકબીજા સામે ફરિયાદો લઈ ને જિલ્લા સ્વાગત માં અથવા અન્ય કોઈ ફોરમ માં ફરિયાદો કરે છે અને તેના પરિણામે પાલિકા ને હરકત માં આવવું પડે છે. બાકી પાલિકા ના રાજ માં રોડ, રસ્તા, ફૂટપાથ વગેરે સબ સલામત છે.

થોડા સમય પહેલા કોઈ નાગરિક ની અરજી પર સરદાર નગર સોસાયટી ના દબાણો તૂટ્યા હતા. હાલ માં પણ જિલ્લા સ્વાગત માં અનેક નાગરિકો ની એકબીજા સામે ગેરકાયદે દબાણો ની ફરિયાદો પેન્ડિંગ છે. મંગળ બજાર માં પણ વેપારીઓ એ જ એકબીજા સામે ફરિયાદો કરી છે.

જો કે આશ્ચર્ય ની વાત એ છે કે રોડ રસ્તા પર ખુલ્લા દબાણો જોવા મળે છે અનેક ઠેકાણે સરકારી જમીનો પર દબાણો જોવા મળે છે પણ તેના માટે જિલ્લા સ્વાગત માં ફરિયાદ કોઈ કરતું નથી. અને રોડ રસ્તા કે સરકારી જમીન એટલે સબ ભૂમિ ગોપાલ કી ! ત્યાં કોઈ રોક ટોક કે ડિમોલિશન ની કામગીરી જોવા મળતી નથી

જોકે અમુક વિસ્તારો માં નગર સેવકો ની આંતરિક ખેંચતાણ જવાબદાર છે તો નગર ના કેટલાક વિસ્તારો ના નગરસેવકો પોતાના આંતરિક વિખવાદ બાજુ માં મૂકી પોતાના વોર્ડ કે વિસ્તાર ના નાગરિકો ના હિત માટે સંપી ને કામ કરતા જોવા મળ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

શિક્ષણમાં પારદર્શિતા માટે નીલમબેનની અનિશ્ચિત ભૂખ હડતાળ

છોટાઉદેપુર : છોટાઉદેપુરમાં રહેતી શિક્ષિકા, પ્રિન્સિપાલ, સ્પેશિયલ એજ્યુકેટર, બાળ અને પેરેન્ટ કાઉન્સેલર તેમજ સામાજિક કાર્યકર નીલમબેને શિક્ષણ વ્યવસ્થામાં જવાબદારી, પારદર્શિતા અને ન્યાય સુનિશ્ચિત કરવાની માંગ સાથે 18 જુલાઈના રોજ બપોરે 12 વાગ્યાથી અનિશ્ચિત ભૂખ હડતાળ શરૂ કરી છે. તેમણે જાહેર નિવેદન બહાર પાડી જણાવ્યું છે કે તેમની આ લડત સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે અને તેનો હેતુ શિક્ષણ વ્યવસ્થામાં રહેલી ખામીઓ સામે અવાજ ઉઠાવી જવાબદારી નક્કી કરાવવાનો છે. નીલમબેનના જણાવ્યા મુજબ શિક્ષણ માત્ર અભ્યાસ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સમાજ અને દેશના ભવિષ્યનું ઘડતર કરે છે. જો શિક્ષણ વ્યવસ્થામાં કોઈ પ્રકારની ગેરરીતિ, બેદરકારી કે ખામી હોય તો તેની જવાબદારી નક્કી થવી આવશ્યક છે. તેઓ માને છે કે જવાબદારી અને પારદર્શિતા વિના શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તાસભર પરિવર્તન શક્ય નથી. આથી તેમણે પોતાના બંધારણીય અધિકારોનો ઉપયોગ કરીને શાંતિપૂર્ણ રીતે ભૂખ હડતાળનો માર્ગ અપનાવ્યો છે. તેમણે જણાવ્યું છે કે તેમની ભૂખ હડતાળનો મુખ્ય હેતુ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, શિક્ષણ વ્યવસ્થામાં સત્ય અને ન્યાય જળવાઈ રહે તેમજ સંબંધિત સત્તાધિકારીઓ પોતાની ફરજ અને જવાબદારી પ્રત્યે ગંભીર બને તેવો છે.

ડબકા હાઈસ્કૂલમાં ૮૬૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડા, ૪૫૦ વિદ્યાર્થિનીઓને સેનેટરી નેપકીનનું વિતરણ

પાદરા : શ્રી ડબકા જૂથ કેળવણી મંડળ સંચાલિત ડબકા હાઈસ્કૂલ (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ) ખાતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને આરોગ્યલક્ષી હિતાર્થે નિઃશુલ્ક ચોપડા અને સેનેટરી નેપકીન વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, દાતાશ્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્ય કુલદીપ પંડિતના સ્વાગત પ્રવચનથી થઈ હતી. તેમણે ઉપસ્થિત મહેમાનો અને દાતાશ્રીઓનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વી. એમ. પ્રજાપતિએ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધોરણ ૬થી ૧૨ના કુલ ૮૬૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શૈક્ષણિક ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થિનીઓમાં સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી શાળાની ૪૫૦ દીકરીઓને સેનેટરી નેપકીનનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

પાદરાના શ્રી રામકુમાર છાત્રાલયના વિદ્યાર્થીએ PSI પરીક્ષા પાસ કરતાં સન્માનિત કરાયો

પાદરાઃ પાદરામાં વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત ભારતીય જનસેવા સંસ્થાન સંચાલિત શ્રી રામકુમાર છાત્રાલયના વધુ એક વિદ્યાર્થીએ PSI (પોલીસ સબ ઇન્સ્પેક્ટર) ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી તાલીમ માટે હાજરી આપતાં છાત્રાલય પરિવાર દ્વારા તેનું સન્માન કરવામાં આવ્યું હતું. પાદરાના અંબાશંકરી મંદિર પાસે આવેલ શ્રી રામકુમાર છાત્રાલયની સ્થાપના વર્ષ ૧૯૯૯માં પૂજ્ય બ્રહ્મલીન મહાત્યાગી શત્રુહંદાસ મહારાજના આશીર્વાદથી કરવામાં આવી હતી. છાત્રાલયમાં મુખ્યત્વે છોટાઉદેપુર, દેડિયાપાડા તથા વડોદરા જિલ્લાના વનવાસી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિવાસ, શિક્ષણ અને રાષ્ટ્રભક્તિના સંસ્કારો આપવામાં આવે છે. છાત્રાલયમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ આજે વિવિધ સરકારી સેવાઓમાં દેશસેવા આપી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૪ વિદ્યાર્થીઓ પોલીસ વિભાગમાં, ૧૨ વિદ્યાર્થીઓ ભારતીય લશ્કરમાં તથા એક વિદ્યાર્થી કલેક્ટર કચેરીમાં પ્લાનિંગ ઓફિસર તરીકે ફરજ બજાવી રહ્યા છે.

બહાદરપુર તાલીમ સેન્ટર અને બટ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સંખેડા : પર્યાવરણ જાળવણી અને હરિયાળી ગુજરાતના સંકલ્પ સાથે બહાદરપુર તાલીમ સેન્ટર ખાતે તથા બહાદરપુર બટ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ *નાહરસિંહ પરમાર ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તેમની સાથે સંખેડા હોમગાર્ડ યુનિટના ઓસી, ક્લાર્ક તથા બહાદરપુર યુનિટના તમામ હોમગાર્ડ સભ્યો પણ જોડાયા હતા. જિલ્લા કમાન્ડન્ટ પરમારે વૃક્ષારોપણ કરીને ઉપસ્થિત સૌને પર્યાવરણનું મહત્વ સમજાવ્યું અને દરેક વ્યક્તિએ વધુમાં વધુ વૃક્ષો વાવીને તેની જાળવણી કરવાની અપીલ કરી. તેમણે જણાવ્યું કે "વૃક્ષો જ આપણું જીવન છે. આવનારી પેઢી માટે સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ આપવું એ આપણી જવાબદારી છે."

વેરો નહીં ભરો તો પાણી પણ નહીં! પાદરા નગર પાલિકા

પાદરા પાલિકાની બાકી વેરા વસૂલાત ઝુંબેશ કડક બની રૂ. ૮૨ લાખની વસૂલાત, ૬૯ પાણીના કનેક્શન કાપ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા નગર પાલિકાએ મિલકત વેરાની બાકી વસૂલાત માટે કડક ઝુંબેશ શરૂ કરતાં લાંબા સમયથી વેરો નહીં ભરનાર બાકીદારો સામે પાણી અને ગટર કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરી હતી. જૂન માસથી શરૂ કરાયેલી આ ઝુંબેશ હેઠળ તા. ૧૭ જુલાઈ સુધીમાં વોર્ડ નં. ૧થી ૭ વિસ્તારમાં કુલ ૬૯ પાણીના કનેક્શન કાપવામાં આવ્યા હતા, જ્યારે આ કાર્યવાહી દરમિયાન રૂ. ૮૨ લાખની મિલકત વેરાની વસૂલાત કરવામાં સફળતા મળી છે.

પાલિકાના આંકડા મુજબ શહેરમાં રહેણાંકની ૧,૨૭૦ મિલકતોના રૂ. ૨૬૮.૩૪ લાખ તથા બિન રહેણાંકની ૨૧૮ મિલકતોના રૂ. ૯૨ લાખ મળી કુલ ૧,૪૮૮ મિલકતોના રૂ. ૩૧૫.૫૭ લાખ કરવેરા બાકી હતા. બાકીદારોને માંગણા બિલ, નોટિસ તેમજ મૌખિક સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં કરવેરાની ભરપાઈ ન કરતાં પાલિકાએ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પાલિકાએ જણાવ્યું છે કે અગાઉના વર્ષોમાં પાણીના ૨૫૦ અને ગટરના ૨૦ કનેક્શન કાપવામાં આવ્યા હતા તેમજ ૫૭ જેટલી મિલકતોને સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. હવે જે બાકીદારો પાણીના કનેક્શન કપાયા બાદ પણ વેરો ભરશે નહીં, તેમના ગટર કનેક્શન પણ બંધ કરવામાં આવશે. બિન રહેણાંક મિલકતોના બાકીદારો સામે મિલકત જપ્તી, સીલિંગ તથા પ્રોપર્ટી કાર્ડમાં બોજો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ટેક્સ ઇન્સ્પેક્ટર શૈલેષભાઈ ગાંધી અને પાદરા નગર પાલિકાની વેરા વસૂલાત ટીમે જણાવ્યું હતું કે મિલકત વેરો નહીં ભરનાર બાકીદારો સામે આગામી દિવસોમાં પણ નિયમ મુજબ કડક કાર્યવાહી યથાવત્ રાખવામાં આવશે.

છોટાઉદેપુરમાં રૂ. ૮.૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં દારૂના ગેરકાયદેસર વેપાર અને હેરાફેરી અટકાવવા માટે સતત સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. છોટાઉદેપુર પોલીસ સ્ટેશનની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી મોટી સફળતા મેળવી છે એલસીબીની ટીમને બાતમી મળી હતી કે એક ગ્રાન્ડ વિટારા કાર નંબર GJ-01-WM-8986માં મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને પસાર થવાની છે પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફે ગામડીયા ગામની સીમ વિસ્તારમાં વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કાર દેખાતા તેને રોકી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હતી.

છોટાઉદેપુરમાં ખાતર માટે હવે ઓનલાઈન બુકિંગ ફરજિયાત

૨૮ જુલાઈથી નવા નિયમો અમલમાં, ૪૮ કલાકમાં ખાતર લેવું ફરજિયાત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 21

છોટાઉદેપુર જિલ્લાના 7 તાલુકામાં રાસાયણિક ખાતર મેળવવા માટે ઓનલાઈન બુકીંગ કરાવું પડશે અને નજીકના ખાતર વિક્રેતાના ત્યાં બુકીંગનો જનરેટર થયેલો નંબરની સ્લીપ લઈને જવું પડશે ઓનલાઈન સ્લીપ નીકળ્યા બાદ 48 કલાક સુધી સ્લીપની મર્યાદા રહેશે ખાતર વિક્રેતા ઓનલાઈન બુકીંગ સેવાઈના ખેડૂતોને ખાતર આપી શકશે નહિ.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને રાસાયણિક ખાતરની ખરીદી માટે લાદવામાં આવેલા નવા નિયમોએ છોટાઉદેપુર જિલ્લાના જગતના તાતને મુશ્કેલીમાં મૂકી દીધા છે. 28 જુલાઈ 2026 થી અમલમાં આવનારા આ નવા નિયમો મુજબ, ખેડૂતોને ખાતર મેળવવા માટે ઓનલાઈન પોર્ટલ પર સી.એસ.સી. સેન્ટર અથવા પોતાના મોબાઈલ દ્વારા નોંધણી કરાવવી પડશે. આ નોંધણીમાં ખેડૂતોએ પોતાની પસંદગીના નજીકના ખાતર વિક્રેતાની દુકાન પસંદ કરવી પડશે અને ત્યારબાદ જનરેટ થયેલા ક્યુઆર કોડ સાથેની નોંધણી સ્લીપ 48 કલાકની અંદર દુકાન પર રજૂ કરીને ખાતર મેળવી શકાશે આ નવા નિયમોથી છોટાઉદેપુર જિલ્લાના અનેક ગામડાઓમાં જ્યાં મોબાઈલ નેટવર્કની સમસ્યા છે, ત્યાં ખેડૂતોને ફરજિયાતપણે સી.એસ.સી. સેન્ટર પર નોંધણી કરાવવા જવું પડશે.

સાવલીમાં એસટી બસ મુદ્દે વિદ્યાર્થીઓ રસ્તા પર, ચક્કાજામથી ટ્રાફિક ઠપ

સાવલીના વિદ્યાર્થીઓનો એસટી વિભાગ સામે હલ્લાબોલ

(પ્રતિનિધિ) સાવલી, તા. 21

સાવલી તાલુકામાં થી સેંકડો યુવક યુવતી ઓ અભ્યાસ અર્થે વડોદરા, આણંદ, નડિયાદ, વિધા નગર જેવા શહેરો રોજ અપડાઉન કરે છે સાથે સાથે સેંકડો તાલુકા જનો નોકરી માટે વિવિધ શહેરો માં જવા માટે અપ ડાઉન કરે છે. પરંતુ અવરજવર કરતા સેંકડો વિધાર્થી ઓ તેમજ નોકરિયાત વર્ગ એસ ટી બસની અનિયમિતતા ના કારણે પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. સમય અને નાણાં નો વ્યય થાય છે વારંવાર રજૂઆતો કરવા છતાંય એસ ટી વિભાગ દ્વારા અવગણના કરવામાં આવતા આજે વિધાર્થી ઓ

એ કંટાળી ને બસ રોકીને ચક્કાજામ કર્યો હતો તેના પગલે વિધાર્થીઓ ના હિતને ધ્યાને લઈને તાલુકા પંચાયત સદસ્ય અને જિલ્લા પંચાયતના સદસ્ય ઘટનાસ્થળે પહોંચીને એસ ટી વિભાગ ને રજૂઆત કરી હતી જ્યારે ચક્કાજામ ના પગલે ભાદરવા પોલીસ ઘટનાસ્થળે પહોંચી સમજૂતી થી વિધાર્થીઓને સમજાવીને મામલો થાળે પાડ્યો હતો. એક બાજુ સરકાર મસમોટા બણગા ફૂંકે છે અને વિકાસની વાતો થાય છે પરંતુ એસ ટી વિભાગની લાપરવાહી અને લાલિયાવાડીના કારણે તાલુકાજનોને પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

સાવલી-હાલોલ રોડ પર રાષ્ટ્રીય પક્ષી મોર મૃત હાલતમાં મળતા ચકચાર

સાવલી : સાવલી હાલોલ રોડ ઉપર રાષ્ટ્રીય પક્ષી મોર મૃત હાલતમાં મળી આવતા ભારત ચર્ચા જાગી છે રોડની બંને બાજુએ મોરના પીંછા મળવાના પગલે અનેક શંકા કુશંકા જાગી છે આકાશ પટેલ નામના જાગૃત નાગરિકે તાત્કાલિક ફોરેસ્ટ વિભાગને ઘટનાની જાણ કરી હતી તેના પગલે ફોરેસ્ટ વિભાગની ટીમ સ્થળ પર પહોંચી મૃત મોરનો કબજો મેળવી તપાસ શરૂ કરી છે અને મોરના મોતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે પોસ્ટમોર્ટમ અને તપાસ બાદ જ મોતનું સાચું કારણ સામે આવ્યા બાદ આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામ, પાલિકાની બેદરકારી સામે રોષ

ડભોઈમાં રોડના ખાડામાં ફસાયું જુવાર ભરેલું ટ્રેક્ટર, ખેડૂતો પરેશાન

(પ્રતિનિધિ) ડભોઈ, તા.21

ડભોઈ ની દયારામ હાઈસ્કુલ પાસે આવેલ સરકારી ગોડાઉન ખાતે ટ્રેક્ટર માં જુવાર ભરીને ખેડૂત ટેકાના ભાવે જુવાર ભરીને વેચાણ અર્થે જતા હતા. વડોદરી ભાગોળ નો ઢાળ ચડતાજ માર્ગ પર પડેલા મસમોટા ખાડા માં ટ્રેક્ટર ફસાઈ ગયું હતું. જેથી ટેકાના ભાવે જુવાર વેચાણ અર્થે આવેલ ટ્રેક્ટર ને જ પાલિકાના પાપે ટેકો આપવાની ફરજ પડી હતી.

ડભોઈ ની દયારામ હાઈસ્કુલ ની બાજુમાં આવેલ સરકારી ગોડાઉન ખાતે ખેડૂતો ની ખેત ઉપજ ની ટેકાના ભાવે ખરીદી કરવા માટેનું સેન્ટર ફાળવવામાં આવ્યું છે.ત્યારે હાલ ટેકાના ભાવે

જુવાર ની ખરીદી ચાલુ હોય ગ્રામ્ય વિસ્તાર માંથી ખેડૂત ટ્રેક્ટર માં જુવાર ભરી ને ખરીદ સેન્ટર પર જતા હતા.ત્યારે વડોદરી ભાગોળ નો ઢાળ ચઢતા જ માર્ગ પર પડેલ મસમોટા ખાડા માં ટ્રેક્ટર ટોલી નું પાછળ નું ટાયર ગરક થઈ ગયું હતું.

જેથી ટ્રાફિક થી ખુબજ વ્યસ્ત, ત્રિભેટ રસ્તા નો વળાંક હોય અને નગર નો મુખ્ય માર્ગ હોવાથી વાહન ચાલકો ને ટ્રાફિક માં અટવાઈ જવાનો વારો આવ્યો હતો.જ્યારે પાછલા ઘણા સમય થી બનાવ સ્થળે જાહેર માર્ગ પર અકસ્માત નોતરે તેવા મસમોટા ખાડા હોવા છતાં પણ નગર પાલિકા ઉદાસીન રહેતા પાલિકાના પાપે ખેડૂત ને વેઠવાનો વારો આવ્યો હતો.

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના નાના વાજપુર ગામની ઘટના

જાંબુઘોડામાં મધ્યરાત્રિએ દીપડાનો હુમલો, ૭ વર્ષના માસૂમનો આબાદ બચાવ

ઇજાગ્રસ્ત બાળક વડોદરા સયાજી હોસ્પિટલમાં રિફર

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. તાલુકાના નાના વાજપુર ગામમાં મધ્યરાત્રિના સુમારે ઘર બહાર સૂતેલા સાત વર્ષીય માસૂમ બાળક પર દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. જો કે, સમયસર મચ્છરદાની સુરક્ષા કવચ બનીને આવતા બાળકના જીવનો ચમત્કારિક બચાવ થયો છે. ગામમાં છેલ્લા ત્રણ દિવસથી દીપડાની દહેશત હતી. દરમિયાન, રાત્રિના સમયે

સુમિત તેની દાદી સાથે ઘરની બહાર ખાટલા પર સૂતો હતો. તે જ વખતે જંગલમાંથી ધસી આવેલા દીપડાએ અચાનક બાળક પર તરાપ મારી હતી.

દીપડાએ હુમલો કરતાની સાથે જ બાળક ફરતે બાંધેલી મચ્છરદાની દીપડાના પંજા અને નખ વચ્ચે આવી ગઈ હતી. મચ્છરદાનીના કારણે દીપડો સીધો બાળક પર પકડ જમાવી શક્યો નહીં, જે બાળક માટે કુદરતી સુરક્ષા કવચ સાબિત થયું. અચાનક થયેલા હુમલાથી ગભરાઈ ગયેલા બાળકે જોર-જોરથી બૂમાબૂમ કરી મૂકી હતી. બાળકની ચીસો સાંભળીને તુરંત જ પરિવારજનો અને આસપાસના ગ્રામજનો લાકડીઓ અને ટોર્ચ લઈને દોડી આવ્યા હતા. ગ્રામજનોનો હોબાળો અને અવાજ સાંભળીને ડાયો થયેલો દીપડો નજીકના ગાઢ જંગલમાં ભાગી છૂટ્યો હતો.

હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા બાળકને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ ઉપચાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળે છે. ઘટનાની ગંભીરતા જોતા વન વિભાગની ટીમ તાત્કાલિક નાના વાજપુર ગામ ખાતે દોડી ગઈ હતી.

૨૫ ગામોના લાભાર્થીઓ સરકારી બેદરકારીનો ભોગ બન્યા

કરજણમાં ૧૬૧ ગરીબ પરિવારોના ઘરનું સપનું કાગળો પર જ અટક્યું

(પ્રતિનિધિ) કરજણ, તા.21

ટીડીઓની સહીના અભાવે 161 ગરીબ પરિવારો ઘરવિહોણાઃ સપનાનું ઘર હજુ અધૂરું કરજણ તાલુકામાં એક ગંભીર વહીવટી બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે, જેણે 161 ગરીબ અને ઘરવિહોણા પરિવારોના "પોતાના ઘર" ના સપનાને અધૂરો રાખી દીધો છે. સરકારની ઘરઠાણાં અને ઘરવિહોણા પરિવારોને મફત પ્લોટ આપવાની કલ્યાણકારી યોજના હેઠળ, આ પરિવારોની અરજીઓ લેન્ડ કમિટી દ્વારા મંજૂર થઈ હોવા છતાં, તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ)ની સહીના અભાવે તેમને પ્લોટની સનદ મળી શકી નથી. આ ઘટના સરકારી તંત્રની

ઢીલી કાર્યપદ્ધતિ અને તેના કારણે સામાન્ય જનતાને ભોગવવી પડતી હાલાકીનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.

સરકાર દ્વારા ગરીબ અને પછાત વર્ગના લોકોને રહેઠાણની સુવિધા પૂરી પાડવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. આ જ કડીમાં, વર્ષ 2025 દરમિયાન કરજણ તાલુકામાં ઘરવિહોણા પરિવારોને 50 ચોરસ વાર જમીન મફતમાં ફાળવવાની યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, વિવિધ ગામોમાંથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જરૂરી દસ્તાવેજો સાથે આવેલી આ અરજીઓ તાલુકા કક્ષાની લેન્ડ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી.